ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૯૦ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ ૬૩૮૦ વિદ્યાર્થીઓ માટે ૨૮ બિલ્ડીગોમાં બેઠક વ્યવસ્થાનુ આયોજન

ગાંધીનગર તા ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી બાર્ડની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે.જેને અનુલક્ષી વિદ્યાર્થીઓ પણ હાલ પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ છે જયારે બીજીતરફ શિક્ષણતંત્રએ પણ બોર્ડની પરીક્ષાને અનુલક્ષી જરૂરી તૈયારીઓ કરી લીધી છે. ધો -૧૦ ના વિદ્યાર્થીઓ માટે ૧૧૧૫ બ્લોકમાં વિવિધ ૯૦ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. જયારે વિજ્ઞાન પ્રવાહ માટે પણ ૩૨૮ બ્લોકના ૨૮ બિલ્ડીંગોમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પુરતી તકેદારી રાખવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી બોર્ડની પરીક્ષાનુ લેવાશે. પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ પણ અંતિમ તૈયારીમાં ગળાડુબ બન્યા છે. જયારે પરીક્ષાલક્ષી ઉત્તેજના પણ વિદ્યાર્થીઓમાં પ્રબળ બની છે. ટયુશન ક્લાસ તેમજ શાળાઓમાં પણ બોર્ડના પરીક્ષાર્થીઓને મુંઝવતી સમસ્યાઓને ડામવા માટે વિશેષ વર્ગોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાંથી ૩૩૦૦૮ વિદ્યાર્થીઓ ધો -૧૦ ની પરીક્ષા આપશે. જેને અનુલક્ષી ૧૧૧૫ બ્લોકમાં વિવિધ ૨૯ કેન્દ્રોના ૯૦ સ્થળોએ પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં ૨૧૧૪૫ ભાઈઓ તેમજ ૧૧૬૩૫ બહેનો ધો -૧૦ ની પરીક્ષા આપશે.જયારે ૬૩૮૦ વિદ્યાર્થીઓ ધો- ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપશે.જેમાં ૩૨૮ બ્લોકમાં ૨૮ બિલ્ડીંગોમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ૪૪૯ બ્લોકમાં વિવિધ ૨૮ સ્થળો પર સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા માટે આયોજન કરવામાં આવ્યુ છે.૧૪૪૭૦ વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં હાજર રહેશે.

વસંતોત્સવ - પાટનગરના પાદરે સંસ્કૃતિ કુંજ ખાતે આરંભાયેલ વસંતોત્સવના અંતિમ દિને કલાપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા... ગાંધીનગરના આંગણે યોજાતા સાંસ્કૃતિ મેળામાં દેશના મોટાભાગના રાજયના કલાકારો પોતાની કલાકૃતિની પ્રસ્તુતિ કરે છે... એક જ મંચ પરથી વૈવિધ્યપૂર્ણ નૃત્યશૈલી માણવાની અનોખી તક પાટનગરના કલાપ્રેમીઓને મળે છે... સંસ્કૃતિ કુંજ ગાંધીનગરની આગવી ઓળખ બન્યું છે...

તલાટી ગેરહાજર હશે તો ટીડીઓને નોટીસ અપાશે

ગાંધીનગર, તા. ૨૭

ગ્રામીણ વિસ્તારમાં તલાટીની હાજરીને લઈ જિલ્લાતંત્રએ લાલ આંખ કરવાનો મૂડ બનાવી લીધો છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે તાલુકા વિકાસ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં આ અંગેના સ્પષ્ટ સંકેત આપી દીધા હતા.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ક્ષેત્રીય અધિકારીઓની ગ્રામ્ય મુલાકાત વેળાએ તલાટીની પંચાયતમાં ગેરહાજરી જોવા મળશે તો તાલુકા વિકાસ અધિકારીને નોટીસ આપવામાં આવશે, તલાટીઓ સામાન્યતઃ તાલુકામાં કામે ગયાના બ્હાના બતાવતા હોય છે એટલે તાલુકાની મિટીંગ પણ નિયત દિવસે જ યોજવામાં આવે તેમજ વારંવાર તલાટીઓને તાલુકા મથકે ના બોલાવવામાં આવે તેવી કડક સુચનાઓ અપાઈ છે.

જિલ્લા વિકાસ અધિકારીએ તેઓ જાતે પણ કોઈપણ ગામમાં સરપ્રાઈઝ વિઝીટ કરશે અને જો તલાટી નહિ મળે તો તે સાંખી લેશે નહિ.

જિલ્લા વિકાસ અધિકારીએ આ બેઠકમાં મનરેગાના કામો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજનાના લક્ષ્યાંકો ઝડપથી પુરા થાય તે જોવા જણાવ્યુ હતુ.

આ સમીક્ષા બેઠકમાં તેમણે લોકલ ફંડ શેષની દરખાસ્તો પણ ઝડપથી મોકલી આપવા માટે જરૂરી સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

નગરના મુખ્યમાર્ગો પર કેસરી અને પીળા રંગના ફુલો નિખરશે

નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ ૨૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી

ગાંધીનગર તા ૨૭

શહેરના ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. નગરના મુખ્યમાર્ગોના કલરકોડ મુજબ આ માર્ગ પર આગામી ચાર મહીનામાં રંગબેરંગી ફુલો નિખરશે. નગરના ઘ માર્ગ પર કેસરી અને ચ માર્ગ આસપાસ પીળા ફુલો ખિલશે. જેના લીધે નગરના માર્ગોની સુંદરતા નિખરશે. વનતંત્ર દ્વારા નગરના મુખ્યમાર્ગો આસપાસ કલરકોડ મુજબ ૨૦ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી છે.

ગાંધીનગરમાં એકબાજુ હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. શહેરના રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે હજારો વૃક્ષોનુ નિકંદન વળ્યુ છે. ચિલોડા સરખેજ માર્ગ પર માર્ગની કામગીરીને અનુલક્ષીને આસાપાસના વિસ્તારમાંથી હજારો વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. જયારે આગામી ચોમાસાને ધ્યાને લઈ નગરના માર્ગોની આસપાસ ૮ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરાયુ છે. બીજીતરફ નગરના વિવિધ માર્ગોને કલરકોડ પ્રમાણે લુક આપવા માટે પણ વનતંત્ર દ્વારા નવા

● અનુસંધાન પાન-૭ પર

આતંકવાદને ડામવાના હુમલાને બિરદાવવા ભાજપે કમલ જયોતિ કાર્યક્રમની ઉજવણી કરી

ગાંધીનગર તા ૨૭

ભારતીય વાયુ સેનાના વીર જવાનોએ પાકીસ્તાન પર એર સ્ટ્રાઈક કરીને ૩૫૦ આંતકવાદીઓ સહીત તેમના અડ્ડાઓનો કડુસલો કરી નાંખ્યો છે. આતંકવાદને ડામવાની આ કાર્યવાહીની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા કમલ જયોતિ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. મહાનગર ભાજપ દ્વારા ઘ-૪ સર્કલ પાસે સાંજે ૭ કલાકે ભારત માતા કી જયના જયઘોષ વચ્ચે આંતશબાજી કરી હતી.

પ્રધાનમંત્રી દ્વારા સૈન્યને અપાયેલી છુટના અંતે પાકીસ્તાન પર એરસ્ટ્રાઈક કરીને ૩૫૦ જેટલા આંતકવાદીઓનો ખાતમો કરી

● અનુસંધાન પાન-૭ પર

મતદારયાદી સુધારણા ઝુંબેશમાં ૩૪૬૭ નવા મતદારો માટે અરજી

સૌથી વધુ અરજીઓ ગાંધીનગર (ઉ) બેઠક પર મળી, ૧૬૦૦થી વધુ મહિલાઓએ નામ દાખલ કરવા અરજી કરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ૨૩-૨૪ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાયેલ મતદારયાદી સુધારણા દરમ્યાન ૩૪૬૭ જેટલા નવા મતદારોએ તેમના નામ દાખલ કરવા માટે અરજીઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે બે દિવસની આ સઘન ઝુંબેશ અભિયાનમાં ૧૮ થી ૧૯ વર્ષના ૧૬૦૮ અરજીઓ અને ૧૮૫૯ અરજીઓ ૧૯ વર્ષથી વધુ વયના અરજદારોની મળી છે.

આ ઝુંબેશમાં સૌથી વધુ અરજીઓ ગાંધીનગર (ઉ)માંથી મળી છે જેની સંખ્યા ૧૨૦૦થી વધુ છે. આ પછી ગાંધીનગર (દ) બેઠકમાંથી પ્રાપ્ત થયેલ છે. નવા મતદારોમાં ૧૬૦૦થી વધુ મહિલા મતદારોએ નામ દાખલ કરવાની અરજી કરી છે.

જિલ્લામાં બે દિવસની આ સુધારણા ઝુંબેશ દરમ્યાન નામ કમી કરવા માટે તેમજ સ્થળાંતર કરેલ મતદારોએ તેમના સરનામાની વિગતોમાં ફેરફાર માટે તેમજ કાર્ડમાં રહેલી ક્ષતિઓને સુધારવા માટેની અરજીઓ પણ રજુ કરી છે.

જિલ્લામાં બે દિવસની આ ઝુંબેશ પછી તંત્ર દ્વારા મળેલ

● અનુસંધાન પાન-૭ પર

આજે જિલ્લા આયોજન મંડળની બેઠક

સવા સાત કરોડના ૪૦૦થી વધુ કામો રજુ થશે : સાંસદોના ૧૦૦થી વધુ કામોના નકશા અંદાજ બન્યા નથી તો ૧૫૦ જેટલા કામો પ્રગતિ હેઠળ છે : આજે વિકાસકામોની સમીક્ષા પણ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળની એક મહત્વની બેઠક પ્રભારી મંત્રી પરબતભાઈ પટેલની અધ્યક્ષતામાં સવારે ૧૦ વાગે કલેક્ટર કચેરી ખાતે મળશે.

પ્રભારી રાજયમંત્રી પરબતભાઈ પટેલ તથા પ્રભારી સચિવની ઉપસ્થિતિમાં મળનાર આયોજન મંડળની બેઠકમાં રૂ. ૭ કરોડ ૨૫ લાખના ૪૪૪ જેટલા વિકાસકામો જે સૂચવાયેલા છે તેને બહાલી આપવામાં આવશે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળનારી આ બેઠકમાં જિલ્લામાં આયોજન મંડળ દ્વારા હાથ ધરાયેલ વિકાસકામોની પણ સમીક્ષા કરવામાં આવશે. છેલ્લા બે વર્ષથી જે કામો સ્પીલ ઓવર થતા આવી રહ્યા છે તેને લઈ ચર્ચાઓ વધુ થશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સાત જેટલા જુદા જુદા હેડ હેઠળ આ વિકાસકામો હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લાકક્ષાની વિવેકાધીન ગ્રાન્ટમાંથી પણ હાથ

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસ વર્કિંગ કમીટી બેઠક અને જન સંકલ્પ રેલી મોકુફ રખાઈ

ભારત-પાકિસ્તાન સરહદ પર કટોકટી વચ્ચે નિર્ણય : કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક-જન સંકલ્પ રેલી આગામી દિવસોમાં પરિસ્થિતિ થાળે પડયા બાદ યોજાય તેવી શકયતા

અમદાવાદ,તા.૨૭

પુલવામા હુમલા બાદ ગઈકાલે પાકિસ્તાનના ઘરમાં ઘૂસી જૈશ એ મોહમંદના આંતકવાદી ઠિકાનાઓ અને ૩૫૦ આંતકવાદીઓનો સફાયો કર્યા બાદ આજે પાકિસ્તાને વળતા પ્રહારમાં એફ-૧૬ લડાકુ વિમાન દ્વારા આજે ભારતીય સેના પર હુમલાનો પ્રયાસ કર્યો પરંતુ ભારતે પણ તેને તરત જ રીએકટ કરી એફ-૧૬ના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો અને તેનો પીછો કરી પાકિસ્તાનની સીમા સુધી ત્રણ કિલોમીટર અંદર સુધી ખદેડી મૂકયુ હતુ. આમ, ભારત-પાકિસ્તાન વચ્ચે સરહદ પરની યુધ્ધ જેવી વર્તમાન પરિસ્થિતિને લઈ શહેરમાં આવતીકાલે યોજાનારી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક અને અડાલજના ત્રિમંદિર ખાતે યોજાનારી જનસંકલ્પ રેલી આખરે મુલતવી રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશના જવાનો સરહદ પર લડી રહ્યા હોય અને પોતાની જાનની બાજી લગાવી રહ્યા હોય ત્યારે હાલના તબક્કે રાજનીતિ નહી પરંતુ દેશની સુરક્ષા અને સલામતીને સૌથી અગ્રીમતા હોવી જોઈએ એવું વલણ અખત્યાર કરી કોંગ્રેસ વર્કિંગ કમીટીની આવતીકાલે યોજાનારી બેઠક અને જન સંકલ્પ રેલી હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. હવે આ કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક અને જન સંકલ્પ રેલી આગામી દિવસોમાં પરિસ્થિતિ થાળે પડયા બાદ યોજાય તેવી શકયતા છે.

કોંગ્રેસ પક્ષ દેશના જવાનોની લડત અને ભારત સરકારની સાથે ખડેપગે ઉભી છે. સને ૧૯૬૨ બાદ સૌપ્રથમવાર કોંગ્રેસ વર્કિંગ કમીટીની બેઠક અમદાવાદમાં સરદાર પટેલ સ્મારક ભવન ખાતે યોજાવા જઈ રહી હતી અને ત્યારબાદ બપોરે એક વાગ્યે અડાલજ ત્રિમંદિર પાસે કોંગ્રેસની જન સંકલ્પ રેલી યોજાનાર હતી. આ બેઠક અને રેલીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ અને મહાનુભાવો પણ હાજર રહેવાના હતા.

બેસણું

લવારપુર, તા.જી.ગાંધીનગર નિવાસી હાલ યુ.એસ.એ.સ્થિત શ્રીમતી ગીતાબેન અને અરવિંદભાઈ માધવલાલ પટેલના સુપુત્ર ડૉ.રવિ પટેલ અક્ષરવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૦૧-૦૩-૨૦૧૯ ને શુક્રવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળે પર રાખેલ છે.

સ્થળ : કડવા પાટીદાર સમાજ હોલ, ઉમિયા માતાજી મંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર.

ગીતાબેન અને અરવિંદભાઈ પટેલ
મધુબેન અને રમણભાઈ પટેલ
ભગવતિબેન અને કિરીટભાઈ પટેલ
શારદાબેન પોપટલાલ પટેલ
આનંદીબેન અને નંદુલાલ પટેલ

લિ.

રેશ્મા રવિ પટેલ
વર્ષા અને રાકેશભાઈ પટેલ
જાગૃતિ અને અક્ષયભાઈ પટેલ
કેતા અને શ્યામ પટેલ
મીતાબેન અને હસમુખકુમાર પટેલ

સુધાબેન અને અશોકકુમાર પટેલ (વકીલ) નીપાબેન અને મનિષકુમાર પટેલ
રીષી રવિ પટેલ

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે રાખેલ છે.

મિનાબેન તથા પ્રવિણભાઈ (ખંભાત હાલ યુ.એસ.એ)

(R.K.GARMENTS PVT.LTD) મો.૯૯૦૪૯ ૮૦૮૦૦

બંધ રહેશે

ડો. રાજેશ બી. શાહ
એમ.ડી., ડી.જી.ઓ.

રાજ પ્રસુતિ ગૃહ અને નર્સીંગ હોમ

પ્લોટ નં. ૧૦૪૫, સેક્ટર-૨/ડી, ગાંધીનગર

તા. ૨૭/૨/૨૦૧૯થી ૧૦/૩/૨૦૧૯ સુધી બંધ રહેશે.

તા.૧૧/૩/૨૦૧૯થી રાબેતા મુજબ મળશે.
સમય : સવારે ૧૦ થી ૧૧.૪૫ ● સાંજે ૬ થી ૮



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com